Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# 'હિંદ સ્વરાજ' એક અભ્યાસ

નિલેશ લિંબાચીયા
રિસર્ચ સ્કોલર (પીએચ.ડી), ગુજરાત વિદ્યાપીઠ, સાદરા.

**પ્રસ્તાવના**

'હિંદ સ્વરાજ' એટલે હિંદ માટે જેવું સ્વરાજ ઝંખ્યું છે, તેવું સ્વરાજ હિંદનું સ્વરાજ આવું હોય; અને વ્યાપક અર્થમાં લઈએ તો આખીયે માનવતા માટેનું સ્વરાજ પણ આવું વિશેષ સ્વરાજ હોય. આપણે આપણી ઉપર રાજ ભોગવીએ, એ જ સ્વરાજ ગાંધી કહે આપણે સ્વરાજનું નામ લીધું છે, પણ તેનું સ્વરૂપ સમજ્યા નથી. સ્વરાજ તે આપણા આત્માનું રાજ છે, એટલે કે સ્વ-શાસન, આત્મ-શાસન, મનુષ્યનું પોતાની ઉપર પોતાનું રાજ. સ્વરાજ તો સહુએ સહુનું લેવું જોઈએ, કરવું જોઈએ. બીજા મેળવે તે સ્વરાજ નથી, પણ પરરાજ્ય છે. આપણી ઉપર આપણે રાજ ભોગવીએ, તે જ સ્વરાજ છે, અને એ સ્વરાજ આપણી હથેળીમાં છે. મુખ્ય વાત જણે જણે સ્વરાજ ભોગવવાની છે.

'હિંદ સ્વરાજ'ની મૂળ વાત આ છે. ઉપર આપ્યું છે, તે લગભગ ગાંધીજીના જ શબ્દોમાં 'હિંદ સ્વરાજ'માંથી સારવીને સંકલિત કરીને આપેલું છે. 'હિંદ સ્વરાજ'ની આટલી મૂળ વાત પકડાશે, તો જ તેને સમજી શકાશે, તેનું મૂળભૂત તત્ત્વ ગ્રાહ્ય થશે તથા તેનું સર્વકાલીન મૂલ્ય, મહત્ત્વ, પ્રસ્તુતતા આપણે મન વસશે. 'હિંદ સ્વરાજ'ની આ મૂળ વાતને પકડવી જરીક અઘરી છે. અને તેને લીધે જ તેના વિશે ઘણી ગેરસમજ થતી આવી છે તથા કેટલાક નાહકના વિવાદો પણ ઊઠ્યા કર્યા છે, ગાંધીથી અતિ નિકટના એવા ઘણા તેમજ ગાંધીને અને ગાંધી-વિચારને સારી પેઠે સમજેલા એવા ઘણા પણ આ મૂળ વાત ન પકડી શકવાને કારણે 'હિંદ સ્વરાજ' વિશે વિપરીત અભિપ્રાયો સુધ્ધાં બાંધી બેઠા છે. ખુદ ગાંધીએ ૧૯૩૮માં અંગ્રેજી માસિક 'આર્યન પાથ'ના 'હિંદ સ્વરાજ વિશેષાંક' માટે મોકલેલા પોતાના સંદેશામાં નોધ્યું છે : "વાચક મારા એક સ્વર્ગસ્થ મિત્રનો એ અભિપ્રાય પણ જાણે કે 'આ મૂરખ માણસની કૃતિ છે.' ગોખલે અને ગાંધી તો એકબીજાની કેટલા બધા નિકટ ! છતાં ગોખલે જેવા ગોખલે પણ 'હિંદ સ્વરાજ'ના હાર્દને નહોતા ઝીલી શક્યા. ગોખલે ૧૯૧૨માં દક્ષિણ આફ્રિકા ગયા, ત્યારે 'હિંદ સ્વરાજ'નો અંગ્રેજી અનુવાદ એમણે જોયો હતો. તેમને આ લખાણ એટલું અણઘડ લાગ્યું અને એમાંના વિચારો એવા ઉતાવળે બાંધેલા લાગ્યા કે તેમણે ભવિષ્ય ભાખ્યું કે ગાંધીજી હિંદમાં એક વરસ રહ્યા પછી જાતે જ આ પુસ્તકનો નાશ કરશે. મનુભાઈ પંચોળી ગાંધી-વિચારના ખાસ્સા જાણકાર, સરસ ભાષ્યકાર અને ઉપાસક. પરંતુ 'હિંદ સ્વરાજ'નેતેઓ એક કાચી કૃતિ જ ગણતા, કયારેક તેમાંની કેટલીક વાતોને હસી કાઢતા બાબત ને ઉડાવતા. 'હિંદ સ્વરાજ'માં દર્શાવાયેલા ગાંધીજીના કેટલાક વિચારો ને અભિપ્રાયો —જેવા કે પશ્ચિમના સુધારા, ઇંગ્લેન્ડની

પાર્લમેન્ટ, દાક્તર- વકીલ, રેલવે વગેરે વિશેના ઘણાને ગળે નથી ઊતરતા અને તેથી તે ઉગ્ર ચર્ચા ને વાદવિવાદ પણ ચાલ્યા કરે છે. અને ત્યારે ‘હિંદ સ્વરાજ’ની મૂળ વાત નાહક અટવાઈ જતી હોય છે, હાથમાંથી સરી જતી હોય છે.

‘હિંદ સ્વરાજ’ની મૂળ વાતને ન પકડી શકવામાં તેની રજૂઆતનું સ્વરૂપ શૈલી પણ કારણભૂત બને છે.‘હિંદ સ્વરાજ' વાચક અને અધિપતિ (તંત્રી) વચ્ચેની વાતચીતના સ્વરૂપે લખાયેલું છે. ગાંધીજીએ પ્લેટોમાંથી સૉક્રેટીસન સંવાદો વાંચ્યા હતા અને સૉક્રેટિસ વિશે એક લેખમાળા ‘એક સત્યવીરન કથા’ નામે ૧૯૮૦માં ‘ઈંડિયન ઓપિનિયન'માં આપી હતી. આ સંદર્ભમાં નિરંજન ભગતે નોંધ્યું છે : “પ્રતિપક્ષી પોતાનો વિચાર પ્રથમ પ્રગટ કરે, પછી એ વિચારના દોષોનું એને દર્શન કરાવવું, પછી પોતાનો નિર્દોષ વિચાર પ્રગટ કરવો અને એમ પોતાના નિર્દોષ વિચારની પ્રતિપક્ષીને પ્રતીતિ કરાવવી જેથી પ્રતિપક્ષી પોતાના સદોષ વિચારનો અંતે સ્વેચ્છાએ ત્યાગ કરે —આ સૉક્રેટિસી વક્તાનો ગાંધીજીને પરિચય હતો. આ છે ગાંધીજીના ‘હિંદ સ્વરાજ’ના સ્વરૂપની, અને કંઈક અંશે શૈલીની પણ પ્રેરણા, અને પૂર્વભૂમિકા." લખાણને સંવાદનું રૂપ આપવા સામે કેટલાકે વાંધો બતાવ્યો, ત્યારે સ્પષ્ટતા કરતાં અંગ્રેજી આવૃત્તિની પ્રસ્તાવનામાં ગાંધીજીએ કહ્યું : ‘“હું એટલો જ જવાબ આપી શકું છું કે સંવાદનું રૂપ આપવાનું ગુજરાતીમાં સહેલાઈથી બની શકે છે, તેમ જ કઠણ વિષયોને સરળબનાવવાની સરસમાં સરસ રીત એ જ છે. જો એ વિષય અંગ્રેજી વાચકો સારુ મેં લખ્યો હોત, તો હું તેને બીજી રીતે ઘડત. વળી, જે સંવાદ આપવામાં આવ્યો છે, તે કેટલાક મિત્રોની અને મારી વચ્ચે ખરેખર ચાલ્યો હતો."

દક્ષિણ આફ્રિકાના ગાંધીને તો પોતાના લખાણ પ્રત્યે વિશાળ જનસંખ્યાનું ધ્યાન ખેંચવું હતું, પોતાના વિચારો બહુજનસમાજ સુધી પહોંચાડવા હત અને સામાન્યમાં સામાન્ય માણસને પોતાના અભિયાનમાં ભેળવવો હતો. એટલે એ બધા સમજી શકે એવી ભાષામાં લખવું અને એવી શૈલીમાં રજૂઆત એ એમને માટે અનિવાર્ય હતું. ‘ઇન્ડિયન ઓપિનિયન'ના જે વાચકો હતા, કરવી, તેમાં મોટે ભાગે મજૂરો, વેપારીઓ વગેરે હતા, તે પણ ગાંધીની નજર સામે હતું. આ બધી બાબતોની અસર 'હિંદ સ્વરાજ'ના સ્વરૂપ ને શૈલી ઉપર પડી છે. ઉપરાંત, આ લખતી વખતે સમકાલીન દેશ, દુનિયા અને દક્ષિણ આફ્રિકાની પ્રાપ્ત પરિસ્થિતિના સંદર્ભે પણ પોતાની ભૂમિકા ભજવી છે. આ બધાનો પૂરેપૂરો ખ્યાલ રાખીને જ આપણે 'હિંદ સ્વરાજ' વાંચવાનું છે, સમજવાનું છે અને તેનો સાર ગ્રહણ કરવાનો છે. તો જ તેને પૂરતો ન્યાય આપી શકીશું, તેનું યથોચિત મૂલ્યાંકન કરી શકીશું અને આજે પણ તેની પ્રસ્તુતતા પામી શકીશું.

તેથી 'હિંદ સ્વરાજ'ની આટલી મૂળ વાત અન્ય વિગતો, ચર્ચાઓ, દલીલો વગેરેમાં અટવાઈ ન જાય તે આપણે જોવાનું છે. અંત:પ્રેરણાથી અનુપ્રાણિત ગાંધીના વિશુદ્ધ હૃદયમાં જે આર્ષ દર્શન ઝિલાયું છે, તે આ છે. સ્વયં ગાંધીએ પણ ‘હિંદ સ્વરાજ'ના અંતે પોતાના લખાણનું

સમાપન કરતાં સાર રૂપે આ ચાર મુદ્દા જ ગણાવ્યા છે - સ્વરાજ, સત્યાગ્રહ, સ્વદેશી અને અંગ્રેજોના કુધારાની જગ્યાએ આપણો ખરો સુધારો. એટલે આટલી મૂળ વાત આપણે પકડી લેવાની છે. આમાં સ્થળ-કાળને વળોટી જતું એક નિર્મળ નિરામય દર્શન છે. આમાં ઉત્ક્રાંતિની વિકાસયાત્રામાં માણસ હવે જે નવું પગલું ભરી રહ્યો છે, તેની રૂપરેખા છે. રાજાશાહી અને સામંતશાહીના જમાનામાંથી બહાર નીકળતા માનવીએ લોકશાહીનો પ્રયોગ આદર્યો છે. તે પ્રયોગનો ધ્રુવતારક ગાંધીએ 'સ્વ + રાજ'ની અભિનવ વિભાવનામાં દર્શાવી દીધો છે. 'સ્વરાજ' એ મૂળમાં વૈદિક પરિભાષાનો શબ્દ છે. સૂર્યને 'સ્વરા' કહ્યો છે. તે સ્વયંપ્રકાશી છે. ચંદ્રને અન્યરાજ કહ્યો છે. અંતતોગત્વા માણસે આવું સ્વરાજ સાધવાનું છે.તે માટેનો માર્ગ સત્યાગ્રહનો જ હોઇ શકે. માણસ હવે સામુદાયિક અહિંસાની આરાધના કરવાનો છે. તે માટે સ્વદેશીનું આચરણ સ્વાભાવિક જ થવાનું છે. આ નવપ્રયાણમાં અંગ્રેજોનો ને યુરોપનો સુધારો વિક્ષેપ રૂપ છે, અવળે મારગે દોરી જનારો છે. એટલે તે કુધારાથી મુક્ત થઇ ખરો સુ-ધારો આપણે લાવવાનો છે.

આ નિર્મળ, નિરામય દર્શન પ્રેરણાદાયી છે. સાવ સરળ શબ્દોમાં તદ્દન નિરાડંબરી ઢબે તે રજૂ થયું છે. સરળ વચનોની દાર્શનિક ગહનતાનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. હજી ભલે એ ગગનગામી લાગતું હોય, પણ નિરંતન વિકાસશીલ માનવી તેને ધરાતલ ઉપર લાવવા અવિરત મથવાનો જ. અને આ મથામણમાં ગાંધીનું આ દર્શન માર્ગદર્શક બનવાનું. એવરેસ્ટના આરોહણ માટે સર્વ પ્રથમ તેનું દર્શન – હવાઈ દર્શન, ગગનગામી દર્શન થવું આવશ્યક છે. એ દર્શન જ આરોહણ માટેનું પ્રેરકબળ અને ચાલકબળ બની રહે છે.

અહીં અંગ્રેજોનો ને યુરોપનો સુધારો વાસ્તવમાં કુધારો છે અને નવપ્રયાણમાં વિક્ષેપ રૂપ છે, એમ કહેવાયું છે. આની વિગતે છણાવટ 'હિંદ સ્વરાજ'માં થયેલી છે, તે હવે આપણે આગળ જોઈશું. સંભવ છે, તેના અંગે મતમતાંતરો પણ હોય. જુદા જુદા દષ્ટિકોણ, મંતવ્ય, વલણ વગેરે પણ હોય. તેમ છતાં સ્વરાજ, સત્યાગ્રહ, સાધ્ય-સાધન એકરૂપતા અંગેનું આ જે નિર્મળ, નિરામય દર્શન છે, તે માણસજાતને ઉત્ક્રાંતિનું એક સોપાન ઊંચે ચઢાવનારું તેમ જ સમાજ-વિજ્ઞાનના ક્ષેત્રે નવી ખોજ કરનારું દર્શન છે, એટલી વાત ગાંઠે બાંધી લઈએ. પદાર્થવિજ્ઞાનમાં જેમ આઈન્સ્ટાઈને ન્યૂટનથી આગળનું પગલું ભર્યું, તેમ સમાજ-વિજ્ઞાનના ક્ષેત્રે ગાંધીનું આ આગળનું પગલું છે.

આવું સ્વરાજ મેળવવાની ચાવી છે, સત્યાગ્રહ, આત્મબળ કે પ્રેમબળ છે. તે બળ અવિનાશી છે. તે બળ જેનામાં છે, તેની પાસે હથિયારબળ કામ કરી શકતું જ નથી. આ સત્યાગ્રહ એ કોઈ રાંક, બીકણ કે નમાલાનું સાધન નથી, બલ્કે એ તો આત્મશક્તિનો, પ્રેમના પરિબળનો પ્રકર્ષ છે. તેમાં હિંસાના માર્ગ કરતાં વધારે હિંમત ને બહાદુરીની જરૂર પડે છે. સારુ સત્યાગ્રહ તે સર્વોપરી છે. તે તોપબળ કરતાં વધારે કામ કરે છે. સત્યાગ્રહને જે હિંમત અને મર્દાની ઘટે છે, તે તોપળિયા પાસે હોઈ શકે જ

નહીં. નમાલો માણસ પોતાને નાપસંદ કાયદાનો ભંગ કરી શકશે ? પણ સત્યાગ્રહી તો કહેશે કે જે કાયદા તેને પસંદ નહીં હોય તે કબૂલ નહીં કરે, પછી ભલે તેને તોપને મોઢે બાંધે ! તોપ છોડી સેંકડોને મારવામાં હિંમત જોઇએ છે જે તોપને મોઢે હસતે ચહેરે બંધાતાં હિંમત જોઈએ છે ? પોતે મૉત માથે લઈ ફરે છે તે રણવીર કે બીજાનાં મૉત પોતાના હાથમાં રાખે છે તે ? નામર્દ માણસથી એક ઘડીભર સત્યાગ્રહી રહેવાય નહીં. ખરી ખુમારી તેને જ હોઈ શકશે કે જે આત્મબળ અનુભવી શરીરબળથી નહીં દબાતાં નીડર રહેશે અને તોપબળનો સ્વપ્ને પણ ઉપયોગ કરવા નહીં ધારે. સત્યાગ્રહ એક અમોઘ સાધન છે. જે માણસ પોતે માણસાઈમાં છે, જેને ખુદાનો ડર છે, તે બીજાથી ડરવાનો નથી. તેને બીજાના કરેલા કાયદા બંધન કરનારા નથી. જો લોકો એક વાર શીખી લે કે, આપણને અન્યાયી લાગે તે કાયદાને માન આપવું એ નામર્દાઈ છે, તો પછી આપણને કોઈનો જુલમ બંધન કરી શકતો નથી. વળી, તમારી મરજીમાં આવે તો તમે અમને કાપજો, મરજીમાં આવે તો તોપે ઉડાવો, પણ અમને જે પસંદ નથી તે તમે કરો તો તેમાં અમે તમને મદદ નથી કરવાના, અને અમારી મદદ વિના તમારાથી એક ડગ ભરી શકાય તેમ નથી. આ સ્વરાજની ચાવી છે. સત્યાગ્રહ અથવા આત્મબળ એ શબ્દ જે માણસો પોતાના હક મેળવવા પોતે દુ:ખ સહન કરે છે, તે રીતને લાગુ પડે છે. જ્યારે મને કંઈ કામ પસંદ ન પડે, ત્યારે તે કામ હું ન કરું, તેમાં હું સત્યાગ્રહ અથવા આત્મબળ વાપરું છું. સત્યાગ્રહમાં હું આપભોગ આપું છું. અમુક કાર્ય ખરાબ લાગ્યું, તો તે ન કરવું અને તેમ કરતાં દુ:ખ ભોગવવું. આ સત્યાગ્રહનું સ્વરૂપ છે.

સત્યાગ્રહી થવું જેટલું સહેલું છે, તેટલું જ કઠણ છે. જે માણસ દેશહિતને કારણે સત્યાગ્રહી થવા માગે છે, તેણે બ્રહ્મચર્ય પાળવું જોઈએ, ગરીબાઈ ધારણ કરવી જોઈએ, સત્યનું તો સેવન કરવું જ પડે અને તેનામાં અભયતા આવવી જ જોઈએ. બ્રહ્મચર્ય વિના મનની ગાંઠ સજ્જડ થનાર નથી. જેનું મન વિષયમાં ભમે છે, તેનાથી કશી દોડ થવાની નથી. જેમ બ્રહ્મચર્યની જરૂર છે, તેમ ગરીબાઈ લેવાનીયે જરૂર છે. પૈસાનો લોભ અને સત્યાગ્રહનું સેવન, એ સાથે-સાથે બની શકે તેવું નથી. સત્યાગ્રહનું સેવન કરતાં પૈસો ચાલ્યો જાય તો બેફિકર રહેવું ઘટે છે. અને સત્યનું સેવન ન કરે, તે સત્યનું બળ કેમ દેખાડી શકે ? એટલે સત્યની તો બરોબર જરૂર પડશે જ. ગમે તેટલું નુકસાન થતું હોય, તો પણ સત્યને નહીં છોડી શકાય. ‘સર્વોદય’ હજી એક સદી પહેલાં ઉદ્દભવેલો એક નવો શબ્દ છે. પ્રાચીન સાહિત્યમાં પણ તે કોઈક ને કોઈક સંદર્ભમાં વપરાયો છે. પરંતુ આજે જે રીતે તે એક જીવનની લઢીના અર્થમાં, એક ચોક્કસ વિચારધારાના અર્થમાં પ્રચલિત છે, એવો તેનો ઉપયોગ તો હજી માત્ર એક સદી જ જૂનો છે.

‘હિંદ સ્વરાજ’માં યંત્રો વિશે જે કહેવાયું છે, તે અંગે ઘણી ગેરસમજ પ્રવર્તે છે. ગાંધી યંત્રોની વિરુદ્ધ હતા એવો એક ખ્યાલ કેટલાકના મનમાં ઊભી થયો છે. પરંતુ તે સદંતર ખોટો છે. તેમાં નરી ગેરસમજ છે. એવી એક 'ઈમેજ ઊભી થઈ હોય, તો તે

બિલકુલ વજૂદ વિનાની છે. વાસ્તવિકતા એ છે કે આધુનિક સભ્યતાના રોગની એક મુખ્ય જ, ગાંધીએ યંત્રોની ઘેલછા અને અંધાધૂંધ ઉદ્યોગીકરણમાં જોઇ હતી, એટલે એમણે તેની તીવ્ર આલોચના કરી.

પરંતુ ગાંધીની આ વાતનું હાર્દ ન પકડાવાને કારણે ઘણી ગેરસમજ થઈ. તેમાં ગાંધીની 'હિંદ સ્વરાજ'માંની ભાષા ને રજૂઆત પણ ઠીક ઠી કારણભૂત હતી. ૧૯૪૧માં પ્રસિદ્ધ થયેલી 'હિંદ સ્વરાજ'ની નવી આવૃત્તિન પ્રસ્તાવનામાં મહાદેવભાઈ દેસાઈએ લખ્યું " 'હિંદ સ્વરાજ'ની પ્રથમ આવૃત્તિમ દર્શાવેલા ગાંધીજીના વિચારો બદલાયા નથી એ સાચું, પણ તેનો ઉત્તરોત્તર વિકાસ તો થતો જ ગયો છે.... મારે એટલું કબૂલ કરવું જોઈએ કે ગાંધીજીએ તેમના વિચારની તીવ્રતામાં યંત્રો વિશે અણઘડ ભાષા વાપરી છે, અને આજે જો તેઓ એ પુસ્તક ફરી સુધારવા બેસે, તો એ ભાષા પોતે જ બદલે." અને પછી મહાદેવભાઈએ ૧૯૨૪માં રામચન્દ્રન સાથે થયેલો ગાંધીજીનો આ વિશેનો સંવાદ વિસ્તારથી આ નવી આવૃત્તિમાં ટાંકયો છે. તેમાં યંત્રો વિશેની ગાંધીજીની ભૂમિકા એકદમ સુસ્પષ્ટ થઈ જાય છે.

ઉપરોકત સંવાદમાં ગાંધીજીએ કહ્યું : "હું યંત્રોની વિરુદ્ધ કેમ હોઈ શકું ? આ શરીર પણ એક અતિશય નાજુક યંત્ર જ છે. ખુદ રેંટિયો પણ યંત્ર જ છે. નાની દાંતખોતરણી પણ યંત્ર છે. મારો વાંધો યંત્રો સામે નહીં, પણ યંત્રોની ઘેલછા સામે છે. આજે જેને શ્રમનો બચાવ કરનારાં યંત્રો કહેવામાં આવે છે, તેની લોકોને ઘેલછા લાગી છે. શ્રમનો બચાવ થાય છે ખરો, પણ લાખો લોકો કામ વિનાના થઈ ભૂખે મરતા રસ્તા ઉપર ભટકે છે. સમય શ્રમનો બચાવ હું પણ ઇચ્છું છું; પરંતુ તે અમુક વર્ગનો નહીં, આખી માનવજાતિનો થવો જોઈએ.... આજે તો થોડા માણસોને કરોડોની કાંધ ઉપર ચડી બેસવામાં અને યંત્રો મદદગાર થઇ રહ્યાં છે. અત્યારની આ ચાલુ અર્થવ્યવસ્થા સામે મારી તમામ શક્તિ ખર્ચીને યુદ્ધ ચલાવી રહ્યો છું. યાંત્રિક સંશોધનો અને વિજ્ઞાન એ પહેલ પ્રથમ લોભનાં સાધનો મટી જવાં જોઈએ.... મારો ઉદ્દેશ યંત્ર માત્રનો વિનાશ કરવાનો નથી, પણ યંત્રોની મર્યાદા આંકવાનો છે.' સારાંશ કે, આ એક માનવીય સવાલ છે. મૂળમાં, સર્વનો ઉદય આંખ સામે રહેવો જ જોઈએ. યંત્રના સ્વરૂપ કરતાં યંત્રના ઉપયોગ ઉપર અને તેનાથી આવતાં પરિણામ ઉપર ગાંધીનો ભાર છે. માણસ યંત્ર માટે નથી, યંત્ર માણસ માટે છે. એટલે જે યંત્ર સર્વના ઉદય માટે મદદગાર ન થતું હોય, તે ગાંધીને કામનું નથી. બલ્કે, તેને તેઓ સમાજ માટે અભિશાપ રૂપ લેખે છે.

તેથી રામચંદ્રન સાથેની વાતચીતમાં ગાંધીજી આગળ કહે છે : "આપણે જે કાંઈ કરીએ, તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઈએ. વળી, માણસનાં અંગોને કામને અભાવે જડ અને નિરુપયોગી કરી નાખવા તરફ યંત્રોની પ્રવૃત્તિ ન હોવી જોઈએ. એટલા માટે હું યંત્રોનો વિવેક કરૂં." ગાંધીના આ અભિગમને સમગ્રપણે સર્વાંગી દષ્ટિએ સમજવાની જરૂર છે, તે ન સમજવાને કારણે જ સર્વોદય યંત્રોની વિરુદ્ધ છે, એવો ભ્રમ કેટલાકના મનમાં ચાલુ રહ્યો છે. આવા ભ્રમને નેસ્તનાબૂદ કરવાની કોશિશ વિનોબાએ સતત કર્યે રાખી.

સર્વોદય યંત્રોનો અને ઉદ્યોગોનો વિરોધી નથી જ નથી તથા ઉદ્યોગોનું તે ઓછું મૂલ્ય પણ આંકતો નથી. એક વાર તો વિનોબાએ વિલક્ષણ ઢબે કહી પાડ્યું : "ભારતને 'ખેતીપ્રધાન' દેશ કહેવામાં આવે છે, તેને 'ઉદ્યોગહીન' દેશ કહેવો ન પડે એટલા વાસ્તે ! (એટલે કે કાણાને કાણો ન કહેવો પડે.) આપણે ત્યાં ઉદ્યોગની ઘણી ઉપેક્ષા થઈ છે, અને ખેતીપ્રધાન દેશ કહેવા છતાં ખેતીનીયે." અને ઉદ્યોગોના મહત્ત્વ ઉપર ભાર મૂકતાં ફરી એક વાર વિનોબાએ કહ્યું : "માણસને જીવતા રહેવા માટે 'ભૂમિ' આધાર છે, પણ શ્રીમાન બનવા માટે 'ઉદ્યોગ' આધાર છે. ગામડાંની ઉન્નતિ કરવી હોય, તો ગામડાંમાં ઉદ્યોગો વધારવા જોઈએ. જે દેશમાં ઉદ્યોગો નથી, તે દેશમાં લક્ષ્મી નથી રહેતી." ગામેગામ વિનોબા લોકોને સમજાવતા કે આપણને સીતા અને રામ બેઉ સાથે જોઈએ. ભૂમિ એ સીતા છે અને ઉદ્યોગ એ રામ છે. ભૂમિદાનનું આવડું મોટું આંદોલન ચલાવ્યું, પણ વિનોબાએ અનેક વાર ઘૂંટી-ઘૂંટીને કહ્યું કે પૂરા જીવન-નિર્વાહ માટે એકેએકને પૂરતી આપી શકાય એટલી જમીન જ કયાંછે ? એટલે ખેતીને પૂરક ઉદ્યોગો કરવા જ પડશે. વળી, "એક વાત તમને લોકોને કહી દેવા માગું છું કે લોકોને જમીન આપી દઇશું, એટલા માત્રથી આપણા સહુનું જીવન પૂર્ણ સુખી નહીં બને. ખેતીની સાથે સાથે બીજા ઉદ્યોગ- ધંધા પણ ગામમાં ચાલવા જોઈશે."

ઉદ્યોગ ઉપર વિનોબાનો ભાર કાયમ રહ્યો. શિક્ષણની ચર્ચા કરતાં એમણે શિક્ષણનાં ત્રણ અનિવાર્ય તત્ત્વો ગણાવ્યાં. શિક્ષણમાં આ ત્રણ ચીજની તાલીમ અવશ્ય મળવી જોઈએ —યોગ, ઉદ્યોગ અને સહયોગ. આમાં ઉદ્યોગનું મહત્ત્વ દર્શાવતાં એમણે કહ્યું : "શિક્ષણમાં મુખ્ય દૃષ્ટિ ગુણવિકાસની હોવી જોઈએ પરંતુ ઉદ્યોગ વગર ન ગુણવિકાસ થાય છે, ન ગુણોની પરખ થાય છે... વળી, ઉદ્યોગમાં કેવળ ચરખો કે તકલી જ ન હોય, આધુનિક યંત્ર પણ હોય વર્કશૉપ પણ હોય, ખેતી પણ હોય." યંત્રો વિશે પણ વિનોબાએ સાફ-સાફ કહી દીધું : "સર્વોદયનો એવો આગ્રહ હરગિજ નથી કે યંત્રોની મદદ લીધા વિના માત્ર હાથથી જ કામ કરવામાં આવે. યંત્રો સામે તેનો વિરોધ નથી. બલ્કે, સર્વોદય તો વિજ્ઞાનનો અને યંત્ર- વિજ્ઞાનનો પૂરેપૂરો ઉપયોગ કરવા માગે છે. પરંતુ તે ઉપયોગ કયાં કરવામાં આવે, કેટલો કરવામાં આવે, કયા પ્રકારનો કરવામાં આવે, કેવી રીતે કરવામાં આવે, તે બાબત વિવેકની જરૂર છે." વળી, આ વિવેક કેવો હોય ? તો કહ્યું : "યંત્રો ત્રણ પ્રકારનાં છે —સંહારક, સમયસાધક અને ઉત્પાદક. તેમાં સંહારક યંત્રોનો આપણે વિરોધ કરવો છે, સમયસાધક યંત્રોનો વિરોધ નથી કરવો અને ઉત્પાદક યંત્રોમાં વિવેક વાપરવો છે કે તે પૂરક નીવડે, મારક ન નીવડે. એટલે કે યંત્ર જોઇએ કે નહીં એમ નહીં, પણ દેશ, કાળ અને પરિસ્થિતિ-સાપેક્ષ જ યંત્રો અંગે વિચારી શકાય. એકનું એક યંત્ર એક જગ્યાએ પૂરક હોય, છતાં બીજી જગ્યાએ મારક બની જઈ શકે. ઉપરાંત, યંત્રો વિશે એક બીજી રીતેયે વિચાર કરવો જોઈએ. યંત્રને પોતાની કીમત જેટલી કમાણી કરતાં જે સમય લાગે, તેને હું તેનો 'આત્મદર્શનનો સમય' કહું છું. મૂડી-રોકાણની દૃષ્ટિએ

આત્મ-દર્શન એ યંત્રની ક્ષમતાની એક કસોટી છે. આપણા જેવા દેશમાં લાંબા આત્મદર્શનના સમયવાળાં યંત્રો મારક પુરવાર થાય. વળી, યંત્ર બહુ માથાફૂટવાળું પણ ન જોઈએ. નહીં તો માણસ કંટાળી જાય. યંત્ર હોય કે માણસ ઝાઝી આનંદથી ચલાવી શકે. બાકી, આજે તો આઠ કલાક ‘ટીઝીંગ’(પરેશાની કડાકૂટ વિના) અને બાકી 'ઇઝીંગ' (ફુરસદ, આરામ), એવી યોજના ચાલે છે ! પણ બાપ તો ૨૪ કલાક આનંદની યોજના કરવી છે. યંત્ર માણસને નીરસ બનાવી મૂકે એવું ન હોય."

યંત્રો બાબત વિનોબા હજી વધુ ઊંડાણમાં ઊતર્યા. એમણે કહ્યું : “માણસ પાસે ઇન્દ્રિયો એટલે કે કરણ છે અને ઇન્દ્રિયોને મદદ કરનારાં સાધનો એટલે } ઉપકરણ છે. કરણ કરતાં ઉપકરણનું મહત્ત્વ વધી જશે, તો માણસ દુઃખી તો ઉપકરણો ગૌણ સ્થાને રહેવાં જોઇએ. આ કરણ-ઉપકરણ-વિવેક એ એક મૂળભૂત તત્ત્વ છે. ઉપકરણો પાછળ દોડવાની ઘેલછા ન હોવી જોઈએ.'' વળી, વિનોબાએ કહ્યું : ‘‘આ તો યંત્રયુગ છે, તેમાં નાનાં નાનાં ઓજારો પ્રેમ ચાલે, એવો એક અવિશ્વાસ ઊભો થઈ ગયો છે, તે સદંતર કાઢી નાખવો પડશે. વિજ્ઞાનને કારણે જંગી યંત્રો પણ બની શકે, અને નાનાં યંત્રો પણ બની શકે. યંત્રો તો આપણે જેવાં બનાવવાં હોય તેવાં બને. વિજ્ઞાનનો ઉપયોગ આપણાં નાનાં નાનાં ઓજારોની મદદમાં થઇ શકે, તેમાં સરળતા લાવવામાં થઈ શકે !!

યંત્રોમાં વીજળી વગેરેના વપરાશ અંગે પણ વિનોબાએ સરસ છણાવટ કરી આપી : ‘‘ઘરનાં કામોમાં તેમ જ સંસ્થાકીય કામોમાં નવાં ઉપકરણો હું પસંદ કરું છું. મોટી સંખ્યા હોય તો વીજળીથી ચાલતી લોટની ઘંટી અને વીજળીથી ચાલતા રોટલી-યંત્રને વાપરવામાં કશો બાધ હું જોતો નથી. વનારમાં બ્રહ્મવિદ્યા મંદિરની બહેનોને પોતાના વસ્ત્ર-સ્વાવલંબન માટે અંબર મા પર વીજળી લગાડવાની છૂટ પણ મેં આપી છે. ગામમાં પણ વીજળીનો કે બીજી કોઈ ચાલકશક્તિનો ઉપયોગ કરીને ચરખા ચલાવાય અને તેનું કાપડ તે ગામના સ્વાવલંબન માટે વપરાય. તેને ખાદી ન કહેવી હોય, તો લોકવા કહેજો. આ બાબત વિનોબાના મનમાં કશો ડગડગો નથી : “‘વીજળી કે અન્ય . ચાલકરાક્તિના ઉપયોગ સામે આપણો કોઈ વિરોધ નથી. ગ્રામોદ્યોગમાં પણ તેનો ઉપયોગ ખુશીથી થઈ શકે. તેમ કરવા માટે આપણે આપણાં ઓજારો કોઈ સુધારતા જઈશું, તો તેથી અહિંસા ભાંગી પડશે, એવો કોઈ ડર મને નથી. જીવનને વધુ સુખી, વધુ સરળ, વધુ વિકેન્દ્રિત અને વ્યાપક અર્થમાં વધુ સ્વાવલંબી અહિંસક સમાજરચનામાં પણ વીજળી વગેરેને અવશ્ય સ્થાન છે. તેની મદદથી મનાથી રાકાશે, એવી શક્યતા હું જોઈ શકું છું અને તેનું સ્વાગત કરું છું."

આની સાથોસાથ આમાં કેટલીક મર્યાદાઓનો ખ્યાલ બરાબર રાખવ પડશે, તે પણ વિનોબાએ ભારપૂર્વક કહ્યું છે : ‘‘બે મર્યાદા મને મુખ્ય જણાય છે. એક તો એ કે ચાલકશક્તિ સમૂહમાં આવે, તેને કારણે અંદરોઅંદ કોઈનું શોષણ ન થવું જોઈએ; અને બીજી મર્યાદા એ કે આખા સમૂહ દ્વારા બીજા સમૂહનુંયે આને કારણે શોષણ ન થાય. નહીં તો ગણ્યાંગાંઠ્યાંને ઘીકેળ થાય

અને બાકીનાં બધાં ઘાણીએ ઘલાય, એવો ઘાટ થશે ! સૂર્યની જેમ વીજળી પણ બધાને એકસરખી મળતી હોય, એમ થવું જોઈએ. વીજળીનો

ઉપયોગ ગ્રામસ્વાવલંબન કે ક્ષેત્રસ્વાવલંબન પૂરતો જ કરવામાં આવે. ઉપરાંત, બીજી પણ એક દિષ્ટ રહે. આજે તો વીજળી પહેલાં મોટાં શહેરોને અપાય છે અને છેક છેલ્લે ગામડાંને અપાય છે. આમાં પણ શોષણ સમાયેલું છે. આ રીતે આપણે વિષમતા પેદા કરીશું, તો દેશની અંદર સમત્વયુક્ત વિકાસ નહીં થઈ શકે." અંગ્રેજોની પાર્લમેન્ટરી વ્યવસ્થાનેય આધુનિક સભ્યતાના જ એક અંગ રૂપ માની છે. જેમ આધુનિક સુધારાથી તેઓ નહોતા અંજાયા, તેમ આનાથી પણ નહોતા અંજાયા. 'હિંદ સ્વરાજ'માં એમણે જેમ આધુનિક સભ્યતાની તીવ્રમાં તીવ્ર આલોચના કરી છે, તેમ આ પાર્લમેન્ટરી વ્યવસ્થાનીય તીવ્ર આલોચના કરી છે. ત્યાં સુધી કહી દીધું કે, "હિંદુસ્તાન આની નક કરવા જશે, તો પાયમાલ થઈ જશે."

સ્પષ્ટ જ છે કે ગાંધી આનાથી કાંઈક જુદું કરવા માગતા હતા. પરંતુ ગાંધીનો આ અભિગમ બહુ ઓછા લોકો યથાર્થપણે સમજી શક્યા છે. અને સમજવા માટે થોડીક સૂક્ષ્મ છણાવટ કરવી પડે તેમ છે. સુપ્રસિદ્ધ વિચારક અમ્લાન દત્તે એક વાર કહેલું કે, 'રાજકારણ અંગે અન્ય ક્રાંતિકારીઓ કરતાં ગાંધીજીની ભૂમિકા જુદી હતી. ગાંધી એમ ઇચ્છતા હતા કે સમાજનું ધારણ-પોષણ ધર્મ, બંધુત્વ અને પરિવાર-ભાવનાથી થાય તેમ નહીં કરીએ, તો તમારે પરિબળોનો આશરો લેવો પડશે. તેમ બળજબરી, આતંક વગેરે આવશે અને તેના સમર્થન માટે તમારે રાજ્ય, લોકશાહી, ચૂંટણી, સમાજવાદ જેવી કાંઈ ને કાંઈ પ્રતિમા ઊભી કરવી પડશે. તેથી વ ગાંધીએ આને બદલે પાયામાંથી ગ્રામસમાજે ઊભા કરવા ઉપર ભાર મૂકયો. અને આવી ભિન્ન ભૂમિકાને લીધે જ અમુક બાબત ગાંધીના અને માર્કસના પ્રતિભાવો સાવ જુદા-જુદા રહ્યા. ઔદ્યોગિક ક્રાંતિની સાથોસાથ ગ્રામ-સંસ્કૃતિ તૂટવા લાગી, તે વિશે માર્કસે એમ કહ્યું કે, કેવી આનંદની વાત છે કે ગામડાં તૂટી રહ્યાં છે અને શહેરો વધી રહ્યાં છે ! આપણી ક્રાંતિમાં એ મદદરૂપ થશે. ત્યારે આ જ વસ્તુ તરફ જોવાનો ગાંધીનો દૃષ્ટિકોણ બિલકુલ જુદો હતો. એમણે તો શહેરોના વધતા જતા પ્રભુત્વ સામે અવાજ ઉઠાવ્યો અને ગામડાંની વહારે ધાવાની હાકલ કરી. બંને વચ્ચે આ પાયાનો ભેદ છે. "એટલે આપણી સામે બે વિકલ્પ છે : (૧) સભ્ય સમાજ, જે સ્વતંત્ર વ્યક્તિઓનો બનેલો હોય અને જેના ધારણ-પોષણ માટે કાયદો, વ્યવસ્થા, રાજ્યતંત્રનું માળખું, બંધારણ વગેરે જટિલ તંત્ર હોય, અને દિવસે દિવસે તેનો વ્યાપ વધતો જાય. (૨) પારિવારિક સમાજ, જેનું ધારણ-પોષણ કુટુંબની ભાવનાથી થાય. તેમાં બંધારણ વગેરે ઔપચારિક માળખાની જરૂરિયાત દિવસે દિવસે ઘટતી જાય......સર્વોદય આંદોલને આ બીજો વિકલ્પ પસંદ કર્યો છે. એટલે તેની ભૂમિકા ઇતિહાસમાં સાવ જુદી જ છે, અને જુદા જ સ્તરે તેણે કામ કરવાનું છે."

સર્વોદયની આ વિશિષ્ટ ભૂમિકાની વિશદ ને વિસ્તૃત છણાવટ કરવામાં તેમ જ તેની પૂર્તિ માટે વ્યવહારુ માર્ગની ખોજ

કરવામાં વિનોબા ઘણું બધું મહત્ત્વનું પ્રદાન કરી ગયા છે. એમણે સૂત્રબદ્ધ કરેલી વાત —'હિંસા-શક્તિની વિરોધી અને દંડશક્તિથી ભિન્ન એવી સ્વતંત્ર લોકશક્તિ' —આ બાબતમાં કાયમ ધ્રુવતારક સમી રહેશે. એમનું લખેલું 'સ્વરાજશાસ્ત્ર' રાજ્ય-શાસ્ત્ર અંગે લખાયેલા દુનિયાના ઉત્તમ ગ્રંથોમાંનો એક છે. તેમાંની સ્વ-રાજની વિભાવના આ દિશામાં જવા મથનારાઓને ચિરકાળ સુધી માર્ગદર્શન કરાવતી રહેશે.વિનોબા માર્મિક રીતે કહેતા કે આખી દુનિયાને સરકારોના બોજમાંથી તે આ સરકારનો રોગ છે, રાજરોગ છે. પરંતુ આની મુક્તિ માટે જેટલા પ્રયત્નો ન કરવી જોઈએ. આખીયે દુનિયા જો કોઈ એક રોગથી પીડાતી હોય, તો મા છે, તે જાણે-અજાણે આ રોગને વધુ વકરાવતા જવામાં જ ફાળો આપતા ગયા છે. માર્કસે મનોરથ સેવ્યો કે રાજ્ય આખરે ચીમળાઈને ખરી પડે; પરંતુ | કન્યું એવું કે રાજ્યસત્તાનો વિલય એ તો પ્રોમિસરી નોટની જેમ ઉધાર રહી આ યું. પણ રાજ્યનો જુલમ એ રોકડી વાત બની ગઈ. એટલે જો ક્યારેય રાજ્યને વિલિન કરવું હોય, તો આજથી જ રાજ્યની સત્તા ક્ષીણ કરતા જવાનો આરંભ કરી દેવો જોઈએ. રાજ્યસત્તાનો પૂરો વિલય થતાં ભલે વરસો પણ તેની શરૂઆત તો આજથી જ કરી દેવી જોઈએ.

આવી જ માર્મિક રીતે વિનોબાએ આજની લોકશાહીમાં ચાલી રહેલ વિપરીત દિશાના પ્રયાસો વિશે પણ ધ્યાન ખેચ્યું. લોકશાહીમાં આપણે લોકોને જાતે પોતાનું શાસન કરતા કરવા છે ને ! પણ આજે શું થાય છે ? આજની લોકશાહી તો લોકોને વધુ ને વધુ પાંગળા બનાવતી જાય છ, વધુ ને : રાજ્ય ઉપર નિર્ભર અને રાજ્યના આશ્રિત બનાવતી જાય છે. 'કલ્યાણ રાજ'ને વધુ

નામે રાજ્ય આજે જીવનના એકેએક ક્ષેત્રમાં ઘૂસી જઈ રહ્યું છે. આ 'વેલફેર સ્ટેટ નહીં, 'ઈલફેર' સ્ટેટ છે. તે લોકોનું બેસૂમાર અકલ્યાણ કરી રહ્યું છે આ રીતે લોકો પોતાનો વહીવટ પોતે ચલાવતા કયારેય નહીં થઈ શકે. વિનોબા એમ પણ કહેતા રહ્યા કે આજની લોકશાહી જ્યાં સુધી હિંસ પર આધારિત રહેશે, ત્યાં સુધી તે જનતાનું રાજ કદાપિ બની શકશે નહીં એમણે એ વાત ઉપર પણ ભાર મૂકયો કે રાજકીય સ્વતંત્રતાની સાથે આર્થિક સ્વતંત્રતા પણ હોવી જ જોઈએ. મતદારને આર્થિક રીતે પગભર કર્યા વિના તેને આપેલ સાર્વત્રિક મતાધિકારનો વ્યવહારમાં ઝાઝો અર્થ રહેતો નથી. આજની નામ માત્રની લોકશાહી અને તેમાં ચાલતા ચૂંટણીના ઔપચારિક ક્રિયાકાંડની મર્યાદા પણ વિનોબા વેધક રીતે બતાવતા રહ્યા. આજે તો ચૂંટણીનું મુખ્ય કામ એ છે કે ચાલુ રાજકીય વ્યવસ્થા ઉપર કાયદેસરતાનો સિક્કો મારી આપવો અને રાજકીય ભદ્ર વર્ગને લોકોના નામે રાજ કરવાનો પરવાનો આપવો. આપણે આનાથી કાંઈ જુદું કરવું હોય અને અસલ લોકશાહી સ્થાપવી હોય, તો આ ક્રિયાકાંડમાં ભળી ગયા વિના તથા આજની સત્તાની અને પક્ષની રાજનીતિથી અળગા રહીને જ તે થઈ શકશે. વિનોબાએ આને 'લોકનીતિ' એવું અત્યંત સમર્પક નામ આપ્યું. 'રાજ'નીતિ નહીં, 'લોક'નીતિ. આજનું પરંપરાગત સત્તાનું રાજકારણ નહીં,

રાજ્યનુ અને રાજકાજનું રાજકારણ નહીં, પણ લોકોનું ને લોકકાજનું રાજકારણ જે ખરેખર લોકકારણ છે અને લોકનીતિ છે. લોકશાહીના વિચાર અને વ્યવહારના વિકાસમાં વિનોબાની આ એક મોટી દેણ છે. લોકશાહીને તેના યથાર્થ સ્વરૂપમાં કેમ ચરિતાર્થ કરી શકાય, લોકો જેમાં પ્રત્યક્ષ ભાગ લેતા હોય એવી 'ડિરેક્ટ ઍન્ડ પાર્ટિસિપેટરી ડેમોક્રસી' (પ્રત્યક્ષ અને સહયોગાત્મક લોકશાહી) કેવી હોય અને કેવી રીતે લાવી શકાય, તે દિશાનું ચિંતન અને પુરુષાર્થ જેટલા વિનોબા અને એમના સાથીઓએ કર્યા છે, તેટલા ભાગ્યે જ દુનિયામાં બીજા કોઈએ કર્યા હશે. વિનોબાએ ગાંધીની ગ્રામસ્વરાજની વાતને ઘણી ઘૂંટી આપી અને તેને માટે ચોક્કસ કાર્યક્રમ આપીને તેને ધરતી ઉપર ઉતારવાનોયે પ્રચંડ પુરુષાર્થ કર્યો.

આ સિવાય બીજો કોઈ ટૂંકો રસ્તો છે નહીં. જયપ્રકાશજીએ સંપૂર્ણ ક્રાંતિના આંદોલન દ્વારા લોકશાહીમાં લોકો સતત એની પ્રક્રિયામાં ભાગ લેતા થાય, પોતાનો ઉમેદવાર ઊભો કરે અને તેના ઉપર અંકુશ રાખે, એવું કરવા ખૂબ મથામણ કરી. દેશમાં થોડા વખત માટે એક નવો લોક-જુવાળ આવ્યો. આ આંદોલન સામે ટક્કર લેવાની અને તેને દબાવી દેવાની કોશિશ કરનાર નિરંકુશ બનેલી રાજ્યસત્તા સત્તાસ્થાનેથી ઊથલી ગઈ. આ તુમુલ મંથનની સૌથી મોટી નિષ્પત્તિ એ રહી કે લોકશક્તિની સર્વોપરિતા સિદ્ધ થઈ. લોકશાહીમાં લોક સર્વોપરી છે, રાજ્યાતિ જનશક્તિને આધીન છે, જનશકિત રાજ્યશક્તિ કરતાં સર્વોપરી છે, એટલી વાત લોકમાનસમાં ફરી પ્રસ્થાપિત થઈ.

પરંતુ આના કરતાં વિશેષ બીજું કાંઈ ન થઈ શક્યું. ચીલાચાલુ લોકશાહી વ્યવસ્થામાં કોઈ ઝાઝો ફેરફાર ન લાવી શકાયો. જે.પી.એ અફસોસ વ્યકત કર્યો કે સત્તા બદલાઈ, પણ વ્યવસ્થા ન બદલાઈ. સાપનાથની જગ્યાએ નાગનાથ આવ્યા, એટલું જ. પોતાના જીવનનાં છેલ્લાં ત્રણ-ચાર વરસમાં જયપ્રકાશજી ફરી વારંવાર કહેતા રહ્યા : 'સંપૂર્ણ ક્રાંતિની મારી કલ્પનામાં ગ્રામસ્વરાજનો વિચાર નિહિત હતો અને છે. આપણી ગ્રામસ્વરાજની વાત આજેય એટલી જ પ્રસ્તુત છે." વિનોબા આ ગ્રામસ્વરાજની વાત જ સતત ઘૂંટતા રહેલા : "ગાંધી- વિચારમાં માનનારાઓ સામે મુખ્ય ધ્યેય છે, જનતાને જગાડવાનું અને રાજ્યનો ક્ષય કરવાનું. આત્મનિર્ભર ગામડાંઓ જો નહીં ઊભાં કરી શકીએ, તો ગાંધીનું નામ અને કામ બેઉ ભૂંસાઈ જશે. ગાંધી જે જીવશે, તો આવાં ગામડાંઓ મારફત જીવશે. અહિંસક સંસ્કૃતિ જો લાવવી હોય, તો તે આત્મનિર્ભર ગામડાંઓને આધારે જ લાવી શકાશે. આપણી પોતાની શક્તિથી ગામને ઉન્નત કરી રહ્યા છીએ, એમ લોકોને લાગવું જોઈએ."

૧૯૦૪માં રસ્કિનનું 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તક ગાંધીના હાથમાં આવ્યું, રસ્કિનનું વિચાર-બીજ ગાંધીની મનોભૂમિમાં, કર્મભૂમિમાં વિકસતું રહ્યું. એક જીવન-દર્શન રૂપે ત્યારે એ પરિપક્વ થયું, ત્યારે 'સર્વોદય'ના મંત્ર રૂપે પ્રગટ થયું. જ્યારે રસ્કિનના પુસ્તકનું તારણ ૧૯૦૮માં ગુજરાતીમાં ગાંધીએ આપ્યું, ત્યારે 'સર્વોદય'

શબ્દનો જન્મ થયો.'સર્વોદય' પુસ્તિકાની પ્રસ્તાવનામાં ગાંધીએ લખેલું : "પશ્ચિમ દેશમાં સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે વધારે માણસનું (મૅજોરિટીનું) સુખ – તેઓનો ઉદય - એ વધારવાનું માણસનું કામ છે. સુખ એટલે માત્ર શારીરિક સુખ, પૈસા ટકાનું સુખ, એવો અર્થ કરવામાં આવે છે. એવું સુખ મેળવવામાં નીતિના નિયમોનો ભંગ થાય તેની ખાસ દરકાર કરવામાં આવતી નથી. તેમ જ વધારે માણસોનું સુખ જાળવવું એવો હેતુ રાખ્યો છે, તેથી જો થોડાને દુઃખ દઈને વધારેને સુખ અપાય, તો તેમ કરવામાં હરકત છે, એમ પશ્ચિમના લોકો માનતા નથી." આ જ વાતનું વિગતે વિવરણ 'હિંદ સ્વરાજ'માં કરેલું આપણે જોઈ શકીએ છીએ. સર્વમાં એક જ આત્મા વિલસે છે, એ અધ્યાત્મનું નવનીત છે. તે પ્રત્યક્ષ વ્યવહારમાં અને સમાજની વ્યવસ્થામાં ઊતરવું જોઈએ. એ જ ગાંધીનું સર્વોદયનું દર્શન, સર્વોદયની વિચારધારા, સર્વોદયનો સર્વ કાર્યકલાપ. એ જ સર્વોદય વિચારધારાનું આધ્યાત્મિક અધિષ્ઠાન. એને જ વિનોબાએ 'સામ્યયોગ' કહ્યો અને ગાંધીએ સરળ લૌકિક ભાષામાં 'સર્વોદય' કહ્યો. સ્વ' સામે 'સર્વ'ની ફિલસૂફી માનવજાત સામે આવી. આની સ્વાભાવિક સહજ નિષ્પત્તિ એટલે જ સામુદાયિક અહિંસાની ગાંધીની અને માનવજાતની આરાધના. સર્વમાં એક જ આત્મા વિલસે છે. તો કોણ કોની હિંસા કરે ? આવી રીતે 'હિંદ સ્વરાજ' એ અહિંસાની તેમ જ અહિંસા ઉપર આધારિત નવી સમાજરચનાની અહાલેક જગવે છે.